# મહર્ષિ વેદવ્યાસ રચિત સાહિત્યકૃતિ 'મહાભારત' ના પાત્રો દ્વારા નિરૂપિત જીવન દર્શન

ડૉ. દેવયાની કે. રાવલ
આસિસ્ટન્ટ પ્રોફેસર,
સેકન્ડરી ટીચર્સ ટ્રેઈનીંગ કોલેજ, વિસનગર

## ૧. પ્રસ્તાવના

"नमोऽस्तु ते व्यास विशालबुध्धे फुल्लारविंदायतपत्रनेत्र।
येन त्वया भारत तैलपूर्ण प्रज्वालितो ज्ञानमयः प्रदीपः ।।"

અર્થાત્ -હે મહાબુધ્ધિવાળા અને ખીલેલા કમળની પાંખડી જેવા નેત્રવાળા ભગવાન વ્યાસ ! આપે મહાભારત રૂપી દીપક કે જે ધર્મરૂપી તેલથી પરિપૂર્ણ છે. તેમાં જ્ઞાનરૂપી જયોત પ્રકટાવી છે. આપને નમસ્કાર હજો.

“नमः सर्वविद तस्मै व्यासाय कविवेधसे ।
चक्रे पुण्यं सरस्वत्या यो वर्षमिवभारतम् ।।"

જેમણે ભારતવર્ષને પોતાની અદ્ભુત વાણી વડે પવિત્ર કરેલ છે એવા સર્વવિદ્ કવિઓમાં શ્રેષ્ઠ ભગવાન વ્યાસને નમસ્કાર હજો.

આ મહાગ્રંથનો સંદેશ છે, 'સત્યં-શિવં-સુંદરમ્' આપણા ધર્મગ્રંથોમાં મહાભારતનું સ્થાન ઘણું ઉંચુ છે. સર્વ ગ્રંથોમાં તે શિરોમણિ સમાન છે, મહાભારતમાં સર્વ સિધ્ધિઓની ચર્ચા થયેલી છે. ધર્મ, રાજનીતિ અને કુટુંબકથા મોખરે છે વિધ્વાનોએ કહ્યું છે કે જે આ ગ્રંથમાં નથી તે બીજે કયાંય નથી.

## ૨. મહાભારતમાં શું છે ?

મહાભારત મુખ્યત્વે ઈતિહાસ ગ્રંથ છે. પરંતુ તેને પુરાણ પણ કહેવામાં આવે છે. એક વિધ્વાનોને મહાભારતને વિશ્વકોશ કહેલ છે.

મહાભારત ગ્રંથમાં મહર્ષિ વ્યાસે આપણને સનાતન ધર્મના શાસ્ત્ર સ્વરૂપે શ્રીમદ્ ભગવદ્ગીતા આપી છે, જેનો સ્વતંત્ર રીતે અભ્યાસ અને અધ્યયન થાય છે. અને કર્મનો સિધ્ધાંત શીખવે છે.

મહાભારત ગ્રંથમાં એક અનોખું જીવન દર્શન નિદર્શિત કરવામાં આવેલુ છે. આ ગ્રંથમાં સત્ય,અસત્ય,કુસંપ, મિત્રતા, રાજનીતિ, શિષ્ય ભકિત, શ્રેષ્ઠ ગુરુ પતિવ્રત, શ્રેષ્ઠ પુત્ર વગેરે જેવી અનેક બાબતોનું વર્ણન અનેક પાત્રો દ્વારા કરવામાં આવ્યું છે.

## ૩. ભાઈ-ભાઈ વચ્ચેનો કુસંપ

મહાભારતમાં મહાયુધ્ધોની કથા મુખ્ય છે. જે પાંડવો અને કૌરવો વચ્ચેના કુસંપનું પરિણામ છે.

"मा भ्राता भ्रातरं द्विक्षन्मा स्वसारमृत स्वसा ।
सम्यंचः सव्रता भूत्वा याचं वदत भद्रया" ।।

એટલે કે ભાઈએ ભાઈનો દ્વેષ ન કરવો અને બહેને બહેન સાથે તકરાર ન કરવી. સહુએ હળીમળીને, કલ્યાણની ભાવન, રાખીને જ પરસ્પર વ્યવહાર કરવા, ભાઈ-ભાઈ વચ્ચેના કુસંપને કારણે જે પરિણામ આવ્યું તેમાં ઘણો નાશ થયો આથી શીખવા મળે છે કે દ્વેષ - વેરભાવને ધોઈ નાખી, દૂર કરીને પ્રેમની લાગણી અપનાવવી જોઈએ.

**૪. સત્ય – અસત્ય**

મહાભારતમાં જોવા મળે છે કે એક પક્ષે સત્ય છે તો બીજા પક્ષે અસત્ય છે. બે પાત્રો યુધિષ્ઠિર અને દૂર્યોધન. યુધિષ્ઠિરે સત્યનો માર્ગ અપનાવ્યો તો એમની સાથે ભગવાન શ્રીકૃષ્ણ જયારે વેરઝેરની વૃત્તિવાળો અસત્ય દૂર્યોધન જે જાતે જ પોતાના વિનાશ નોતરે છે. આથી એ શીખવા મળે છે કે હંમેશા જીવનમાં સત્યતાનું- ધર્મનું પાલન કરવું જોઈએ. અસત્યનો સાથ કયારેય આપવો જોઈએ નહીં. જીવનમાં સાચી સફળતા પ્રાપ્ત કરવા સત્ય જ સાથ આપે છે. જયારે અસત્ય થોડા સમય માટે આનંદ આપે છે પરંતુ અંતમાં તે વિનાશને એટલે કે નિષ્ફળતાને જ આમંત્રણ આપે છે.

**૫. શ્રેષ્ઠ સાચા ગુરુ તેમજ શિષ્યની ગુરુભકિત**

મહાભારતમાં દ્રોણ જેવા મહાજ્ઞાની શ્રેષ્ઠ ગુરુ તેમજ એકલવ્ય અને અર્જુન જેવા ગુરુભકત શિષ્યોના પણ દર્શન થાય છે. તેના પરથી આપણે પણ જીવનમાં એક સાચા ગુરુ બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. અત્યારે એકલવ્ય તેમજ અર્જુન જેવા શિષ્યો મળવા ઘણા મુશ્કેલ છે તેમ છતાં પણ જો સાચા - શ્રેષ્ઠ ગુરુ બનવાનો પ્રયત્ન કરીશું તો સાચા શિષ્ય પણ ચોકકસ મળશે.

**૬. સાચી મિત્રતા - કર્ણ - દૂર્યોધન**

વ્યાસ રચિત મહાભારતમાં મિત્રતાનો ધર્મ નિભાવતા બે પાત્રો છે કર્ણ અને દૂર્યોધન. કર્ણને જયારે બધી બાજુથી તેનો તિરસ્કાર થાય છે ત્યારે દૂર્યોધન તેનો હાથ પકડે છે. પોતાનો મિત્ર બનાવે છે અને જીવનભર મિત્રધર્મ નિભાવે પણ છે તો બીજી બાજુ કર્ણને પણ ભગવાન શ્રીકૃષ્ણ તેમજ માતા કુંતી દ્વારા ખબર પડે છે કે પોતે પાંડવોનો જયેષ્ઠ ભાઈ છે છતાં પણ તે પોતાના મિત્ર દૂર્યોધનનો સાથ છોડતો નથી અને યુધ્ધમાં પોતાના પ્રાણ ગુમાવી પોતાની મિત્રતા નિભાવે છે.

કર્ણમાં એક બીજો પણ ગુણ જોવા મળે છે.દાનવીરતાનો તે કોઈપણ યાચકને ખાલી હાથ પાછો મોકલતો નથી અને આપણે જાણીએ છીએ કે તેણે બ્રાહ્મણના વેશમાં આવેલા ઈન્દ્રને પોતાની રક્ષા કરતા કવચ અને કુંડળ પણ દાનમાં આપી દેતાં તે જરા પણ ખચકાટ અનુભવતો નથી.

આ બંન્ને ગુણો જીવનમાં ઉતારવા જેવા છે. અત્યારે મિત્રો તો ઘણા મળે છે પરંતુ મુશ્કેલી આવી પડે ત્યારે ભાગ્યે જ કોઈ સાથ આપે છે. આથી હંમેશા સાચા મિત્ર બનવાનો પ્રયત્ન પણ આપણને શીખવે છે તો બીજી બાજુ નિર્ધન, ગરીબ વગેરે પ્રત્યે દયા રાખવી તેમજ જે બને તે મદદ પણ કરવી જોઈએ. કર્ણનું પાત્ર એક વિરલ વ્યકિતત્વ છે જે આપણને આ બંન્ને ઉમદા ગુણો શીખવી જાય છે.

**૭. રાજનીતિ - દૂર્યોધન - શકુની**

મહાભારત ગ્રંથમાં રાજનીતિની જે દૂર્યોધન દ્વારા રમત રમવામાં આવી તેનું ઘણું જ સૂક્ષ્મતાથી વર્ણન કરવામાં આવ્યું છે. દૂર્યોધન તેમજ મામા શકુની દ્વારા કુટ રાજનીતિની રમવામાં આવી હતી. જેના પરિણામે પાંડવોને ઘણું દુઃખ ભોગવવું પડયું હતું તો અત્યારના સમયમાં પણ રાજનીતિની રમતો રમવામાં આવે છે જેના પરિણામ સ્વરૂપ આપણા

દેશની પ્રજાને ઘણું સહન કરવું પડે છે. તો આવી રાજનીતિની ફૂટ રમતો દૂર થાય અને એક સારા સમાજનું નિર્માણ થાય તેવો એક સંદેશ પણ આ ગ્રંથમાંથી આપણને મળે છે.

## ૮. દ્રૌપદીનું પાત્ર

મહાભારતમાં દ્રોપદીનું પાત્ર એક મહા સન્નારીનું પાત્ર છે તે એક સાચી પતિવ્રતા નારી છે. પરંતુ દ્રોપદી જેવી સતી પણ ભૂલ કરી બેસે છે. દ્રોપદીના મુખેથી દૂર્યોધન પ્રત્યે નીકળેલ કટુ વચન 'આંધળાનો પુત્ર આંધળો' જેના પરિણામે રાજનીતિની રમત રમાઈ અને તે પરથી શું પરિણામ આવ્યું તે આપણે જાણીએ છીએ. એ પરથી પણ શીખવા મળે છે કે હંમેશા વગર વિચાર્યું કંઈ પણ બોલવું ન જોઈએ. શાંતિમય જીવન જીવવા માટે કટુ વચનનો ત્યાગ કરવો જોઈએ. અતિથિ સત્કારની ભાવનાના પણ દર્શન દ્રોપદીમાં જોવા મળે છે. આપણી ભારતીય સંસ્કૃતિની ત્રણ બાબતો માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ, અતિથિદેવો ભવ ના મૂળ તો મહાભારતમાં જ જોવા મળે છે.

## ૯. પાંડવો વચ્ચેનો પ્રેમ

એક બાજું કુસંપ જોવા મળે છે તો બીજી બાજું પાંચ પાંડવો યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, નકુલ અને સહદેવ વચ્ચે પ્રેમના અતૂટ બંધનના પણ દર્શન થાય છે. યુધિષ્ઠિરમાં સત્યના દર્શન થાય છે, ભીમ શ્રેષ્ઠ બાહુબળ, અર્જુન શ્રેષ્ઠ ધનુર્ધર, નકુલ અને સહદેવમાં આજ્ઞાંકિત ભાઈના ગુણો જોવા મળે છે. આ સત્ય બાબત પણ જીવનમાં ઉતારવા જેવી છે કે પાંડવો વચ્ચે પ્રેમ - સ્નેહ એવો હતો જેના કારણે તેઓ ગમે તેવી મુશ્કેલીઓ તેમજ સંઘર્ષોનો સામનો કરી શકયા હતા. આથી શીખવા મળે છે કે જીવનમાં હંમેશા કુટુંબના સભ્યો વચ્ચે આદરની ભાવના, વડીલોને માન તેમજ પ્રેમની લાગણીને અનુસરવું જોઈએ તો જીવનમાં આવતી મુશ્કેલીઓનો સામનો આપણે કરી શકીએ.

## ૧૦. સત્યનો જય :- શ્રી કૃષ્ણનું પાત્ર

"यतो धर्मस्ततो जयः " "જ્યાં ધર્મ છે ત્યાં જય છે."
ભગવાન શ્રીકૃષ્ણએ અર્જુનને કહ્યું હતું કે,

"यदा यदा ही धर्मस्य ग्लानिर्भवतिभारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ।।"

"જયારે જયારે ધર્મનો નાશ થાય છે અને અધર્મનો ઉત્કર્ષ થાય છે ત્યારે હું મારી જાતનું સર્જન કરું છું."

મધુસૂદન શ્રીકૃષ્ણ કે જેઓ જયારે અર્જુનને વિષાદ થાય છે ત્યારે શ્રીમદ્ ભગવદ્ગીતા રૂપી જ્ઞાન આપે છે અને તેના વિષાદને દૂર કરે છે. જે ગીતા આપણવે જીવનમાં નિષ્કામ ભાવે કર્મ કરવાનું શીખવે છે.

"कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफल हेतुर्भु ते सङगअस्तु कर्मणि ।।"

શ્રીકૃષ્ણ યુધ્ધમાં અર્જુનના સારથી બની તેના પડખે ઉભા રહે છે. તે ધ્વારા પણ શીખી શકાય છે કે ભગવાન શ્રીકૃષ્ણ સત્યની સાથે હંમેશા રહે છે આપણે પણ જીવનમાં સત્યનો માર્ગ અપનાવવો જોઈએ તો ચોકકસ સફળતાં મળશે જ .

## ૧૧. ઉપસંહાર

વેદ વ્યાસ રચિત આ મહાભારત રૂપી ગ્રંથમાં જીવનને લગતું ઘણું આપણને શીખવા મળે છે તેના પાત્રો દ્વારા ખરાબ તેમજ સારા બંન્ને પાસાના દર્શન થાય છે. આ બંન્ને બાબતોને ધ્યાનમાં લઈ સમજીએ તો આપણા જીવનમાં ઘણી ઉપયોગી નીવડે છે.

જેમ દીપક ઘરમાં હોય તો ઘરને અજવાળે છે તેમ મહાભારત ગ્રંથ સર્વ કોઈના જીવન ઉજાળે છે. જેમ અન્ન- જળ મનુષ્યની તૃપ્તિ કરે છે તેમ ગ્રંથ- વાંચન મનન મનના વિચારોને તૃપ્ત કરે છે. જેમ પુષ્પોની મધુર સુગંધ વડે ફૂલદાની મહેંકી ઉઠે છે તેમ મહાભારતની શૌર્ય કથાઓ વાંચી યુવાનો તરવરાટ અનુભવે છે. જેમ ઔષધ લેવાથી દર્દીને રાહત મળે છે તેમ દુઃખીજનોને મહાભારત ધર્મ કથાઓ આધાર આપે છે.

## સંદર્ભ સાહિત્ય

૧. જોષી, નરેન્દ્રકુમાર એમ. 'મહર્ષિ વેદ વ્યાસ રચિત મહાભારત' રાજકોટ, પ્રવિણ પ્રકાશન.

૨. સાર્થ ગુજરાતી જોડણી કોશ, અમદાવાદ, નવજીવન પ્રકાશન.